# જાહેરનામું

પોલીસ કમિશ્નર અમદાવાદ શહેરના હુકમ ક્રમાક:ગ/ઉપક/ટ્રાફીક/૩૨/૨૦૧૫ તા- ૯/૦૧/૨૦૧૫

હું શિવાનંદ ઝા પોલીસ કમિશ્નરશ્રી, અમદાવાદ શહેર ગુજરાત પોલીસ અધિનિયમ સને-૧૯૫૧ નંબર ૨૨ ની પેટા કલમ (૩૩) (૧) (બી) અન્વયે મને મળેલ સત્તાની રૂએ સુરુચી અથવા નીતિનો ભંગ ન થાય તે સારૂ ફરમાવું છું કે અમદાવાદ શહેર પોલીસ કમિશ્નરની હકુમત હેઠળ સમગ્ર વિસ્તારમાં ઉત્તરાયણના તહેવારને અનુલક્ષીને તા- ૧૦/૦૧/૨૦૧૫ થી તા- ૩૧/૦૧/૨૦૧૫ દરમ્યાન કોઇ પણ વ્યક્તિ અગર ઇસમોએ જાહેરમાર્ગ કે મકાનના ભયજનક ધાબા ઉપર કે જેના કારણે તેની અસર બીજી કોઇ વ્યક્તિની જીદંગી ભયમાં મુકાય અથવા મિલકતને નુકશાન થવાનો સંભવ હોય તે રીતે પતંગ ઉડાડવી નહી. પતંગ લુંટવો કે પતંગ ઉપર કોઇ પણ જાતના ઉશ્કેરણી જનક (પ્રતિક) લખાણ કે સુત્રો લખવા નહી કે રાખવા નહી, લાઉડ સ્પીકર અવાજ કરે કે ઘોંઘાટ ત્રાસ થાય તે રીતે વગાડવા નહી કે આવા અવાજો ઉપર ચેનચાળા કરવા નહી.

આ હુકમનો ભંગ કરનાર મુંબઇ પોલીસ અધિનિયમ સને-૧૯૫૧ ની કલમ ૧૧૩-૩૭(૧)(છ) ભંગ કરી ૧૩૫(૧) મુજબ શિક્ષાને પાત્ર થશે.

હું આથી આદેશ આપુ છું કે ઉપર જણાવેલ વિસ્તારમાં સહેલાઇથી દેખી શકાય તેવી જગ્યાએ જાહેરનામાની નકલો ચોંટાડીને લાઉડ સ્પીકર વાહન દ્વારા, સ્થાનિક વર્તમાન પત્રો, આકાશવાણી અને દુરદર્શન કેન્દ્રો ઉપરથી પ્રસિધ્ધી તથા જાહેરાત કરાવવી.

આજ રોજ તા. ૯/૧/૨૦૧૫ એ મેં મારી સહી તથા સિક્કો કરી આપેલ છે.

Commissioner of Police * Ahmedabad

તા. ૯/૧/૨૦૧૫
અમદાવાદ.

(શિવાનંદ ઝા)
પોલીસ કમિશ્નર
અમદાવાદ શહેર

**નકલ સવિનય રવાના :**

(૧) મેનેજરશ્રી ગવર્નમેન્ટ પ્રેસ અને સ્ટેશનરી ડીપાર્ટમેન્ટ વડોદરા
૨/- ગુજરાત ગર્વમેન્ટ ગેજેટ પ્રસિધ્ધ કરવા સારૂ.

(૨) અગ્ર સચિવશ્રી, ગૃહ વિભાગ, ગુજરાત સરકાર, સચિવાલય, ગાંધીનગર.

(૩) પોલીસ મહનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુ.રા. પોલીસ ભવન,ગાંધીનગર.

(૪) કલેકટરશ્રી,જીલ્લા કલેકટરની કચેરી, ઘી કાંટા, અમદાવાદ શહેર.